હું પ્રાર્થના કરું છું કે મારા બાળકને એની પોતાની જિંદગી જીવવા દઉં, મેં જીવવાની ઈચ્છા કરી હતી તેવી જિંદગી નહીં અને એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી તે કરવાનો બોજ તેના પર લાદવા સામે હે પ્રભુ, મને સાવધ રાખજે.

તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે તેને ખ્યાલમાં રાખીને હું તેનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે મને સહાય કરજે. પ્રભુ, અને એની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી ઉદારતા મને આપજે.

એની ઉંમરના નાનાં નાનાં તોફાનો સામે હસી લેવું, અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે કાબૂ મેળવી શકતો નથી તેવા આવેગો સામે ક્યારે સંરક્ષક દ્રઢતાથી કામ લેવું, તે જાણવા જેટલું ડહાપણ તું મને આપજે,

તેના ગુસ્સાભર્યા શબ્દોનો કોલાહલ ભેદીને કે તેના ગુમસૂમ મૌનની ખાઈ ઓળંગીને તેના હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે. હે પરમાત્મા ! મને એ ઔદાર્ય આપજે, જેથી અમારા વચ્ચેની ખાઈ હું હુંફભરી સમજદારી વડે પૂરી દઈ શકું.

હું પ્રાર્થના કરૂંછું કે મારો અવાજ ઉંચો થઈ જાય તો તેણે કંઈક કર્યું હોય તે માટેના ગુસ્સા ને લીધે નહી, પણ તે જે છે તેના આનંદોલ્લાસને લીધે; જેથી રોજેરોજ તે પોતાની જાતમાં શ્રદ્ધા સાથે મોટો થતો રહે.

મને સહાય કર કે હું એને એવી ઉષ્માથી મારા હૃદય–સરસો ચાંપી શકું, જેથી બીજાઓ પ્રત્યે તેનામાં મૈત્રીભાવ પ્રગટે. અને પછી મને ધૈર્ય આપ કે તેના માર્ગ પર તે મજબૂતીથી જઈ શકે તે માટે હું તેને મુક્ત કરું.

(પરમ સમીપે)



હે જગત,

મારા બાળકને આંગળીએ ઝાલીને દોરજે, આજે શાળાએ જવાનો પ્રારંભ ક્ર્યો છે.

શરૂ શરૂમાં થોડો સમય તેને બધુ અજાણ્યું અને નવું નવું લાગશે; ત્યારે એની સાથે સહાનુભૂતિથી વર્તજે. તું જાણે છે કે અત્યાર સુધી કૂકડાઓનો રાજા હતો. આડોશપાડોશનો લાડકો હતો, વળી તેની ઈચ્છાઓ સંતોષવા અમે હાથવગા હતાં.

પણ હવે બધું બદલાઈ જશે. આજે સવારે એ ઘરના આગલાં પગથિયા ઉતરશે, હાથ હલાવશે અને એક મહાન સાહસનો પ્રારંભ કરશે.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી ઝાલી દોરજે અને એને જાણવા યોગ્ય સૌ વાનાં શીખવજે.

એને શીખવું તો પડશે જ. હું જાણું છું કે બધા માણસો ન્યાયપૂર્વક વર્તતા નથી, બધા જ માણસો સાચા નથી, પણ એને શીખવજે કે દર એક કુટિલ માણસે પ્રેમસભર વીર માણસ પણ હયાતી ધરાવે છે. દર એક પ્રપંચી માણસની સામે સમર્પણની ભાવનાવાળો માણસ હોય છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે. એને શીખવજે કે દર એક દુશ્મને એક મિત્ર પણ હોય છે.

એને પુસ્તકોની અદ્‌ભુત દુનિયા દર્શન કરાવજે, આકાશમાં ઉંચે ઉડતા પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગીતો ગાતી મધમાખીઓ, અને લીલા ડુંગરાઓ પર ઝૂલતા પુષ્પોનું શાશ્વત રહસ્ય શોધવા એને થોડીક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે છેતરપીંડી કરવા કરતાં નિષ્ફળ જવું એ અનેક રીતે બહેતર છે. ભલે બીજા બધા એને ખોટો કહે તો પણ એને પોતાના જ વિચારોમાં શ્રદ્ધા રાખવાનું શીખવજે.

જયારે સૌ વાયરા પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાને અનુસરવાને બદલે એ એકલો પોતાના માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે. બધાની જ વાત એ સાંભળે પણ સત્યની ચાળણીમાંથી ચાળીને જે સારુ હોય એ જ ગ્રહણ કરે એમ શીખવજે.

એનાં મન હૃદયને એ સર્વોચ્ચ સાહસ માટે સમર્પી દે, પણ આત્મા અને હૃદયનાં દ્વાર બંધ ન કરે એ જોજે. ટોળાની બૂમોથી એ નમે નહીં અને જો પોતાની વાત સાચી લાગે તો એને માટે જીવસટોસટની લડાઈ આપતાં અચકાય નહીં એમ તેને શીખવજે.

હે જગત, મૃદુતાથી આ બધુ એને શીખવજે પણ એને લાડ લડાવીશ નહીં કારણકે અગ્નિમાં તપીને જ સુવર્ણ શુધ્ધ બને છે. આ લાગણી કદાચ તને વધુ પડતી લાગે, પણ હે જગત ! બની શકે એટલું તું કરી છુટજે, કારણ કે એ મારુ નાનકડું મઝાનું બાળક છે !

અબ્રાહમ લિંકન



“ પાર વિનાની ભૂલો
આપણે ક્ર્યા જ કરીએ છીએ,
પરંતુ બાળકની
ઉપેક્ષા દ્વારા જીવનના સ્ત્રોતની
અવગણના કરવાની ભૂલ
એ અક્ષમ્ય છે.
આપણી જરૂરિયાતો થંભી શકે પણ
બાળકની આવશ્યકતાઓમાં
ઘડીભરનો પણ વિલંબ ચાલી ન શકે
અત્યારે જ
તેના હાડમાંસ ઘડાઈ રહ્યા છે,
તેનુ રૂધિર બની રહ્યું છે
અને સંવેદનાઓ વિકસી રહી છે.
એને
આપણે **‘કાલ’** પર ઠેલી ન શકીએ
બાળકનું બીજુ નામ **‘આજ’** છે.

ગાબ્રિએલા મિસ્ત્રાલ

લખાણ સૌજન્ય :

- કુન્દનિકાબહેન કાપડીયા કૃત ‘પરમ સમીપે’ અને
- ખલિલ જિબ્રાન કૃત કિશોરલાલ મશરૂવાલા અનુવાદિત ‘વિદાય વેળા’ તથા અન્યમાંથી સાભાર

શૈશવ

# માતા–પિતાને

બ્લોક નં. ૩, (બી વિંગ) બીજે માળે,
સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર – ૩૬૪ ૦૦૧.
e-mail : shaishav93@gmail.com
website : www.shaishavchildrights.org

પ્રભુ, મને એક એવું બાળક આપો, જે
પોતાની દુબ્બળતાને જાણે એટલું બળવાળું હોય
અને ભયભીત થાય ત્યારે પોતાનો સામનો કરી શકે
એટલું પરાક્રમી હોય !
સાચી હારમાં એ ગૌરવ અનુભવે અને સ્થિરચિત્ત બની રહે
વિજયમાં એ વિનમ્ર અને સુશીલ બને.
પ્રભુ મારા બાળકને એવું બનાવજો કે
જયારે એના સામર્થ્યની જરૂર હોય ત્યારે સ્વાર્થ ન સાધે;
મારૂં બાળક તમને જાણે, અને એને એ વાતની પ્રતીતિ
થાય કે, પૂર્ણજ્ઞાન સુધી લઈ જતી સીડીનું પહેલું સોપાન
તે પોતાની જાતનું જ્ઞાન છે.
હે ભગવાન, આરામ અને અનુકૂળતાના ફૂલો પથરાયાં હોય,
એવા રસ્તે એને ન મોકલતાં,
એને પડકાર, સંઘર્ષ અને
કઠિનાઈના કંટકોવાળા રસ્તે ચાલતાં શીખવજો,
એ રસ્તા પર આંધીને તોફાન આવે
ત્યારે એ સ્થિર રહેતાં શીખે, અને
આ વાવાઝોડામાં જે ધરાશાયી બન્યા હોય
એમના પ્રત્યે એની કરૂણા નો સ્ત્રોત વહે.
મારા બાળકનું હૃદય સ્વચ્છ અને નિર્મળ હજો પ્રભુ !
અને એનો ઉદ્દેશ મહાન હોજો,
બીજાઓ પર પ્રભુત્વ મેળવવાની આકાક્ષાં જાગે
એ પહેલાં એ પોતાના પર કાબુ મેળવે,
એ દિલ ખોલીને હસતાં શીખે
અને એની આંખો ક્યારેક આંસુથી સજળ પણ બને,
એની દ્રષ્ટિ ભવિષ્યની ઝાંખી કરી શકે
અને વીતેલાસમયને પણ જોઈ શકે.
મારી અંતિમ પ્રાર્થના એ છે, ઈશ્વર !
કે એને થોડી વિનોદવૃતિ પણ આપજો
જેથી એ હંમેશા ગંભીર બની રહી, પોતાની જાત તરફ
અનુદાર ન બને ;
એને વિવેકી બનાવજો, જેથી એ સાચી મહત્તાની સરળતાને,
બુદ્ધિમત્તાના ઔદાર્યથી જાણી શકે.

(પરમ સમીપે)



તમે તમારા બાળકના માતાપિતા છો, તમે એને લાડ લડાવજો,
પ્રેમ આપજો પણ બાંધશો નહીં, એને પાંગરવા દેજો
એની કલ્પનાઓ વડે. એની ઈચ્છાઓની પૂર્તિ કરજો પણ
એની જિદ્‌માં માર્ગદર્શક બની તેને સહજતાથી વાળજો.

જીવન પુરુષાર્થભર્યુ છે તેનો અનુભવ કરાવજો પણ
તે બોજ ના બની જાય તે માટે સભાન રહેજો.
તમારી વાણી વર્તન અને વ્યવહાર પ્રતિ સજાગ રહેજો,
ઉપરવાળો તો તમને જોતાં જોશે પણ તમારું બાળક
તમને જોઈ રહ્યું છે ! અનુકરણ વડે બધું જ
ઝડપથી શીખે છે.

આજના સત્વહિન શિક્ષણમાં તમારે એને મુકવો તો પડશે
પણ જીવનમૂલ્યોની કેળવણી તો તમેજ એને આપજો.
તમે આપેલ ગણતરનું ભાથું તેને કપરા સમયમાં–
ઝંઝાવાતોમાં પણ અડગ–અચળ રાખશે. જયારે તમે
એને સૂરજના દૈદિપ્યમાન પ્રકાશરૂપે જુઓ છો ત્યારે તમે એને,
એની અંદર સમાયેલ ‘અંતરનાં વૈભવ’ના પ્રકાશને પણ
ઓળખતાં શીખવજો, એનું ગૌરવ અનુભવતાં શીખવજો.
અને તમને ખબર છે કે તમે સર્વશક્તિમાન નથી, સંપૂર્ણ નથી
તો પછી તમે ક્યારેય બાળકની મર્યાદાઓની, એની અલ્પતાની
હાંસી ના ઉડાવશો, ગુસ્સે ના થશો. તમારા હૈયાની
અમળ પ્રીત તો આ અફાટ ભવસાગરમાં તમારા
બાળકની નાવ બનશે, એ નાવના સુકાની તમારા
બાળકને બનાવજો અને નિત્ય નવીન દિશામાં
હંકારવા તેને પ્રેરજો.

(પરમ સમીપે)



જો બાળક રોકટોક માં જીવશે
તો તે ધુત્કારતાં શીખશે.
વિરોધ–અવગણના વચ્ચે જીવશે
તો તે ઝઘડતાં શીખશે.
જો બાળક મેણાં–ટોણાંમાં જીવશે
તો તે શંકાશીલ બનશે,
શરમજનક પરિસ્થિતિ વચ્ચે જીવશે
તો પોતાને દોષિત માનશે.
જો બાળક સહનશીલતામાં જીવશે
તો તે ધીરજ કેળવશે,
પ્રોત્સાહન અને પ્રેરણા વચ્ચે જીવશે
તો તે આત્મવિશ્વાસ મેળવશે.
જો બાળક ઉત્તેજન વચ્ચે જીવશે
તો તે કદર કરતાં શીખશે,
પ્રમાણિક વ્યવહાર વચ્ચે જીવશે
તો તે ન્યાયી થતાં શીખશે.
જો બાળક અનુમોદન–કદર વચ્ચે જીવશે
તો પોતાના પર ભરોસો કરતાં શીખશે
મૈત્રી અને આવકાર વચ્ચે જીવશે
તો તે જગતને પ્રેમ કરતાં શીખશે.

– ડોરોથી લો નોલ્ટે



અને તે પછી છાતીએ બાળક વળગાડીને ઊભેલી એક
યુવતી બોલી, અમને બાળકો વિશે કંઈ કહો.
ત્યારે તે બોલ્યા :
તમારાં બાળકો તે તમારાં બાળકો નથી.
પણ, જગજજીવનની પોતાની જ કામનાનાં તે સંતાનો છે.
તે તમારી દ્વારા આવે છે, પણ તમારામાંથી આવતાં નથી.
અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી.
તમે એમને તમારો પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પનાઓ નહીં;
કારણ, તેમને એમની પોતાની કલ્પનાઓ છે.
તમે ભલે એમના દેહને ઘર આપો, પણ એમના આત્માને નહીં;
કારણ, તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે,
જેની તમે કદી સ્વપ્નામાંયે ઝાંખી કરી શકવાના નથી.
તમે તેમના જેવાં થવા ભલે પ્રયત્ન કરજો, પણ તેમને
તમારા જેવાં કરવા ફાંફાં મારશો નહીં;
કારણ, જીવન ગયેલે માર્ગે પાછું જતું નથી, અને ભૂતકાળ
જોડે રોકાઈ રહેતું નથી.
બાળકોરૂપી સજીવ બાણો છોડવાનાં તમે ધનુષ્યો છો.
અનંતના માર્ગ પર રહેલું કોઈ લક્ષ્ય તાકી ધનુર્ધર તમને
નમાવે છે, –જેથી એનાં બાણો ઝડપથી અને દૂર જાય.
એ ધનુર્ધરના હાથમાં તમારું નમવું આનંદમય હો;
કારણ, જેમ ઊડીને જનારું બાણ એને પ્રિય છે, તેમ
સ્થિર રહેનારું ધનુષ્ય પણ એને વહાલું છે.

(વિદાય વેળાયે)

